મેન્ટલ ટેલેપથી.

અથવા

વિચારથી સંદેશા મોકલવાની ચમત્કારિક
ઇંગ્રેજી જાદુઈ વિદ્યા.

આ દુનીયામાં પહેલાં અજાયબ જેવી ગણાતી ઘણી બાબતો હાલમાં બરાબર રીતે સાયન્સ વિગેરેથી સિદ્ધ થઇ ચુકી છે. જેમ જેમ માણસો શોધ કરે છે તેમ તેમ કુદરતમાં તેમજ પોતાનામાં રહેલી ઘણી ગુપ્ત—છાની શક્તિઓ જાણવામાં અને અનુભવવામાં આવે છે. જે એક માણસ કરી શકે છે તે બીજો માણસ પણ કરી શકે છે. કારણ કે હરેક માણસમાં શક્તિઓ તો સરખી રહેલી છે, પણ ઘણા ખરા માણસોમાં તે ગુપ્ત હોય છે. અને તેને જો બરાબર મહેનત કરી કેળવવામાં આવે તો પ્રગટ કરી શકાય છે.

માનસિક સંદેશા પણ તેમાંની એક ઉપયોગી શોધ છે. અસલના પવિત્ર ઋષી મુનીઓ, ધર્મ ગુરૂઓ અને પેગંબરો તે વાત સારી રીતે જાણતા હતા, પણ વચમાં એવો સમય આવ્યો કે તે બાબતોને લોકો વ્હેમ તથા ઇંદ્રજાળ તરીકે માની બેઠા અને કેટલાક તો તેને ખસી ગેલા મગજની કલ્પના તરીકે ગણવા લાગ્યા. પણ હાલમાં તે બાબતો ચોક્કસ રીતે પુરવાર થઇ ચુકી છે. અને જે તેમ કરવાને મહેનત કરે તે પોતાને માટે તેવું કરી પણ શકે છે. મોઢેથી બોલ્યા વિના અથવા કાગળ લખ્યા સિવાય પોતાનાથી ઘણે દુર રહેલા મિત્ર કે સગાંવહાલા સાથે વાત કરી શકાય છે. તે

ટેલીપથી વિદ્યાથી સિધ્ધ થઈ શકે છે. આ વાત કેવળ મનથી થઇ શકે છે. અને આવા સંદેશાને માનસિક સંદેશા કહેવામાં આવે છે. આ વાત માનનારા તથા કહેનારા તરફ લોકો અત્યાર લગણુ તિરસ્કારની નજરથી જોતા હતા પણ કલકત્તામાં સાયન્સ પ્રોફેસર મી. જગદીશચંદ્ર બોસે અને મી. મારકોનીએ અખતરા કરી લોકોને ચોક્કસ રીતે સિધ્ધ કરી આપ્યું છે કે જેમ તારના દોરડાની મદદ સિવાય એક ઠેકાણેથી બીજે ઠેકાણે સંદેશા મોકલી શકાય છે. અને તેની લોકોને ખાત્રી થઇ છે. તેવીજ રીતે એક માણુસનું મગજ પોતાનો વિચાર બીજા માણુસના મગજને, ગમે તેટલું અંતર છતાં, પ્હોંચાડી શકે તો તેમાં કાંઇ નવાઈ પામવા જેવું નથી. મી. મારકોનીના વીજળીના યંત્રો જેવા જડ પદાર્થો ઇથરની મારફતે બીજે સ્થળે દુર આવેલા વિજળીક યંત્રમાં અવાજો મોકલી શકે તો પછી મન જે અનંત શક્તિવાળું છે. તે પોતાના વિચાર બીજા મનને ઇથરની મારફતે કેમ ન મોકલી શકે? અર્થાત મોકલીજ શકે. આ બાબતમાં કોઇ પણ જાતના સાંચાની કે સાધનની જરૂર પડતી નથી. તે આ ચોપડી ધીરજથી વાંચનારને સમજાશે.

હાલના સમયમાં દરેક માણુસ પછી ચાહે તો તે પુરૂષ હોય કે સ્ત્રી હોય પણ વિચારથી સંદેશા મોકલવાનું કામ કરવા ઇચ્છે છે. અને તાર અથવા ટપાલની મદદ સિવાય પોતાનાથી દુર રહેલા સ્નેહી સાથે મનથી વાતચિત કરી આનંદ લેવાને તતપર થાય છે. ઘણા માણુસો ધારે છે કે તે કામ તેઓ સહેલાઇથી કરી શકશે. અને જ્યારે તેઓ તે પ્રયત્નમાં નિષ્ફળ નીવડે છે. ત્યારે ઘણા ઉદાસીન થાય છે, પણ માણુસ બીજાને વિચાર મોકલી શકે તે પ્હેલા તેને વિચાર કરતા

શીખવું જોઇએ. અને આકાશ અથવા ઇથર મારફતે એક જગ્યાએ વિચારો મોકલી શકાય તે પહેલાં થોડી ઘણી પણ એકાગ્રતાથી વિચાર કરવાની શક્તિ કેળવવી જોઇએ. ઘણા માણસો નિરાશ થાય છે, અથવા નિષ્ફળ થાય છે, તેનું કારણ એજ કે સામાન્ય રીતે દુનીયાના ઘણાખરા માણસોના વિચાર નિર્બળ હોય છે, થોડી મીનિટ સુધી પણ એકજ પ્રકારનો વિચાર તેઓ કરી શકતા નથી, તેથી પરિણામ એ આવે છે કે તે વિચારની ફુજારીઓ એક ક્ષણે ઉત્પન્ન—જાગૃત થાય છે અને બીજી ક્ષણે પાછી નાશ પામે છે. અને એવી વિચારની ચોક્કસ મજબુત આકૃતિ બંધાતી—રચાતી નથી કે જે રસ્તામાં આવતી બીજા વિચારોની આકૃતિઓની વચ્ચે થઇને પોતાને જવાને રસ્તે—ઠેકાણે જઇ પહોંચે. તેટલા માટે આવા પ્રયોગો કરવા ચ્હાનારાઓએ એકાગ્ર વિચાર કરતાં શિખવું, અને પોતાના વિચારો ચોક્કસ સ્થાયી અને મજબુત રાખવા જોઇએ. વિચાર ચોક્કસ હોવાથી તેને જે દીશામાં જે પુરૂષ અથવા સ્ત્રી તરફ મોકલવા હશે, ત્યાં ત્વરાથી જઇ પહોંચશે. સ્થાયી હોવાથી તેની આકૃતિ બદલાશે નહિ. અને મજબુત હોવાથી રસ્તામાં આવતા આડકાના બીજા વિચારોને ઢકેલી મુકી યાને વીંધી નાંખી તેની આરપાર થઇ ધારેલા ઠેકાણે પહોંચી સામા મનુષ્યના મગજમાં તત્કાળ દાખલ થઇ શકશે યાને તેને અસર કરશે.

માનસિક સંદેશાની બાબતમાં ત્યારે પ્રથમ આ બાબત યાદ રાખવી જોઇએ કે જ્યારે કોઇ પણ માણસ બીજા કોઇ વિચારની દરકાર વગર એકજ વિચારમાં મશગુલ થાય છે. ત્યારે તે વિચારની ફુજારીઓ ઘણીજ ચમત્કારીક અસર કરે છે. આ ફુજારીઓ ગમે

જમાએ પહોંચે છે એટલુંજ નહિ પણ ધારેલી અસર ઉત્પન્ન કરવામાં આબાદ સફળતા આપે છે. એટલે કે બીજાના દુર્ગુણ છોડાવી શકાય છે તેનો પ્રેમ જીતી શકાય છે. તથા આપણા હિતનાં કામ બીજાઓ પાસેથી કરાવી શકાય છે કે જે કામ કરવાને તેઓની ના મરજી હોય તો પણ આપણે આ વિદ્યાની ગુપ્ત ચાવી વડે તે કામ તેની પાસેથી અજબ રીતે કરાવી શકીએ છીએ. એ બાબતમાં મારો ઘણોજ જાતી અનુભવ છે, અને કદાપી તમારે આવું કામ પડે તો ખુશીથી તે બાબતમાં મારી મદદ માગજે હું મારાથી બનતી દરેક મદદ હરકોઇ માણસને આપવાને અંતઃકરણથી રાજી થઇશ કારણ કે મને તે બાબતનો શોખ છે.

તમને તમારા કોઇ મિત્રને મળવાની ખાસ ઇચ્છા અત્યંત જરૂરના કોઇ પ્રસંગે થઇ હોય. અને તમે મનની તીવ્રેચ્છાથી એકજ વિચારમાં જોડી રાખો તો તમારો મિત્ર ગમે તેવા કાર્યમાં ગુંથાએલો હશે તો પણ તેના મનમાં તમને મળવાની ઇચ્છા ઉત્પન્ન થશે, અને તે પોતાનું કામ પડતું મુકીને પણ તમને આવીને મળી જશે.

પ્રથમ તો વિચારનો સંદેશો કેવી રીતે જાય છે. તે વિચારીએ અને આપણે સંદેશો મોકલવાને શું શું કરવું જોઇએ તે પછીથી વિચારીશું તો ઠીક થઇ પડશે.

વિચાર બે રીતે જાહેર થાય છે. પહેલી રીતમાં મન અને અવાજ બન્ને કામ કરે છે. અને બીજી રીતમાં ફક્ત એકલું મન આપણું કામ કરે છે.

પ્રથમ રીતમાં પહેલા વહેલો મનમાં વિચાર ઉત્પન્ન થાય છે. તે વિચાર આપણા સૂક્ષ્મ શરીરને અસર કરે છે. અને સૂક્ષ્મ

શરીર આપણા સ્થુળ મગજને અસર કરે છે. પછી આપણા મગજમાંથી વિચાર પ્રમાણે ચોક્કસ ધ્રુજારીઓ ઉત્પન્ન થઇ ઈથર મારફતે સામા મનુષ્યના સ્થુળ મગજ અને સુક્ષ્મ શરીરને અસર કરે છે. આં સ્થુળ શરીર મારફતે સામાના મનમાં આપણે જે વિચાર કર્યો હોય તે જાગૃત પાને ઉત્પન્ન થાય છે. આ બહુજ લાંબો રસ્તો છે. પણ હાલના સમયમાં સામાન્ય મનુષ્ય જાતિને વાસ્તે તેના સિવાય બીજો માર્ગ નથી. કારણકે જે લોકો માનસિક ભુમીકામાંથી વિચાર સામા માણસના માનસિક શરીરને મોકલી શકે. તે કામ હાલના સમયમાં ઘણાજ થોડા કરી શકે તેમ છે. માટે તે બીજા માર્ગ સંબંધી અત્રે અને વધુ લખતા નથી.

જેવી રીતે સમુદ્રમાં ફેંકેલા પત્થરાથી ઉત્પન્ન થયેલું મોજું બીજા મોજાને ગતિ આપે છે તેમ મનુષ્યના મગજમાં રહેલા ઈથરમાં થયેલી ધ્રુજારીઓ આસપાસની ઈથરમાં ધ્રુજારીઓની ચારે બાજુ ફેલાયછે. અને ત્યાંથી ચાલી ચાલી સામા મનુષ્યના મગજની ઈથરમાં ધ્રુજારીઓ ઉત્પન્ન કરે છે. પણ જો સામો મનુષ્ય બીજા વિચારમાં બહુજ ગુંથાઇ ગયો હોય તો આ વિચારની ધ્રુજારીઓ તેને કોઈ પ્રકારની અસર કરી શકતી નથી. જે માણસ આંધળો હોય તે પ્રકાશની ધ્રુજારીઓને ગ્રહી શકે નહી, તેમ જે માણસ પોતાના વિચારોમાં બહુજ ગુંથાઇ ગયેલો હોય છે તે બહારના વિચારોની ધ્રુજારીઓ ગ્રહણ કરી શકતો નથી. માટે આ ઉપરથી એક નિયમ એ સિદ્ધ થાય છે કે વિચાર ગ્રહણ કરનાર માણસ યા સ્ત્રીએ

જાદુકળા પ્રકાશ—આ પુસ્તકમાં દરેક જાતના મંત્રો તથા વશીકરણના પ્રયોગો, વીગેરે બાબતનો ખુલાસો આપે છે. કી.

શાન્ત અવસ્થામાં બેસવું. પોતાના મનથી વિચાર કરવા નહીં પણ બહારથી વીચારની જે ધ્રુજારીઓ આવે તે ગ્રહણ કરવાને તત્પર થઈ રહેવું જોઇએ.

જ્યારે તાઉસ, સારંગી અથવા સિતારના તાર મેળવેલા હોય છે ત્યારે તેઓ એક બીજાના સુર પુરે છે. એકજ ધાતુના સરખા પ્રમાણવાળા પાંચ સાત ચીપીઆ સાથે મુકેલા હોય અને જ્યારે એક ચીપીયાને ઠોકવામાં આવે છે ત્યારે તે પાંચ સાત ચીપીયામાં પણ એક સરખી ધ્રુજારી ઉત્પન્ન થાય છે, તેવી રીતે જે મનુષ્ય સંદેશા મોકલવો હોય અને જે મનુષ્યે ગ્રહણ કરવો હોય તે બન્નેના એકજ પ્રકારની આંદોલનની (ધ્રુજારીની) સ્થીતિમાં હોવા જોઇએ. અને આવી સ્થીતિ ઘણા ભાગે સરખા વિચારવાળા મિત્રોમાં, પતીપત્નીમાં, અને એકજ કુટુંબના માણસોમાં માલુમ પડે છે. માટે પ્રથમ આવા પ્રયોગો સરખી લાગણી, હિમ્મત અને વિચારવાળા સ્ત્રી પુરૂષોએ કરવા જોઇએ. બન્નેની વચ્ચે વિશુદ્ધ પ્રેમ હોવો જોઇએ. તેમજ એક બીજાના હિતસ્વી અને વિશ્વાસવાળા હોવા જોઇએ. આમ હશે તોજ આ કામ સહેલાઇથી થઇ શકશે, અને પછી બીજા ગમે તેવા માણસને વિચારથી સંદેશા મોકલવાની હીમ્મત ધરી શકાશે, પણ જો પ્રથમ પ્રયાસ નિષ્ફળ જાય તો કેટલાક લોકો હીંમત હારી જાય છે તેમ તમારે કદાપી હીમ્મત હારી જવી નહી. પ્રથમ આરંભ એવી રીતે કરવો કે સિદ્ધિ થાય, અને આ વિદ્યામાં વિશ્વાસ આવે. અમે તો ખાત્રીથી કહીએ છીએ કે આ બાબત

ખરી છે, કારણ કે અમને તે બાબતનો જાતિ અનુભવ છે, પણ જે લોકોને તે બાબતનો અનુભવ ન હોય તેમણે મનને એકાગ્ર કરવાની ટેવ પાડવી, અને ધીમે ધીમે આ બાબતના પ્રયોગ કરી પોતાની ખાત્રી કરી લેવી.

પહેલાં કેટલીકવાર નિષ્ફળ જાઓ તો હીંમત હારશો નહિ પણ ધૈર્ય અને ખંતીલાપણાથી પ્રયત્ન જારી રાખશો તો આગળ વધશો. આ સંબંધીમાં સેન્ફ્રાન્સીસકોમાં આવેલ: એક ડાકટરે પે ા ની સ્ત્રી જે સો માઇલ ઉપર દુર બીજે ગામ ગઇ હતી તેણે અને તેની સ્ત્રીએ તે ડાકટરને ફક્ત મનદ્વારા જે સંદેશા મોકલ્યા હતા તેના કેટલાક દાખલા વાચકવર્ગની જાણ માટે અમે અત્રે રજુ કરીએ છીએ.

મોકલનાર—ડાકટરની સ્ત્રી. ૧૨—મે—૧૯૦૨.

સહી સલામત આવી પ્હોંચી. મારી મુસાફરી સુખકારક હતી બેસર બીમન ખુશીમાં છે. જુના ઘરમાં અમને સુંદર જગ્યા મળીછે.

ગ્રહણ કરનાર ડાકટરે ૧૨—મે—૧૯૦૨

મુસાફરી સારી હતી, બીમનને સારી રીતે ઉંઘ આવી હતી, ઘર ચોરસ બાંધેલું, આગળ સારાં વૃક્ષો આવેલા, ઓરડામાં સુર્યનો પ્રકાશ આવે છે, ઇશાન ખુણામાં હ્હાય લાગી.

(સ્ત્રીએ સુંદર જગ્યા મળી છે એમ સંદેસો મોકલ્યો નહોતો, પણ તેના મનમાં તે વખતે તે જગ્યાનો ચિતાર હતો તે પણ તેના ધણીના જાણવામાં આવ્યું, અને હ્હાય લાગી એ પાછળથી તપાસતાં ખરી વાત માલમ પડી)

મોકલનાર—ડાક્ટર—૧૩—મે—૧૯૦૨.

થેરેસા બ્રામન અને તેની મા ગઇ કાલે અહીંયા હતાં, વ્યાપાર બરાબર ચાલતો નથી,

ગ્રહણ કરનાર—ડાક્ટરની સ્ત્રી. ૧૩—મે ૧૯૦૨.

હું ધારું છું કે થેરેસા બ્રામન ત્યાં હતી કે આવશે, કાંઇક વ્યાપાર સંબંધી છે. પણ હું બરાબર સમજી શકતી નથી, હું ધારૂં છું કે તે બરાબર નથી ચાલતો.

આ ઉપરાંત અમારા અનુભવમાં નીચે મુજબ બન્યું હતું જે લોકોનાં નામ આપવાં એ લાભ કર્તા નથી તો પણ તે બાબતના બનાવ નીચે મુજબ બન્યા હતા.

એક પારસી બાનું કેટલાક વખતથી કોઇ બાટીયાના પ્યારમાં પડી હતી, સારી સ્થિતિમાં અને સુખચેનમાં રહ્યાં પણ પાછળથી બાટીઆ સટ્ટાના વ્યાપારમાં નુકશાનીમાં આવી પડવાથી પારસી બાનુની પાસેથી કેટલાક રૂપીઆ લીધા હતા. તે પાછા આપવા જેવી સ્થિતિમાં તે ગૃહસ્થ નહોતો છતાં પાછા લેવાની ઇચ્છાએ મને બાઇ તરફથી મુંબઇ બોલાવવામાં આવ્યો હતો. ત્યાં ગયાબાદ તે બાઇને હું મળ્યો. તે વખતે બાઇને પૈસા સંબંધી લોભ જણાતો હતો પણ તેના એક સ્નેહિને તેણીની આ રીત પસંદ નહોતી એટલે છેવટે એમ ઠર્યું કે બન્નેનો સંબંધ છોડાવી જુદાં પાડવાં. આ માટે પ્રથમ મ્હેં બાટીઆ તરફ આંદોલનો પ્રેરી તેને મારા મુકામે આકર્ષ્યો અને તેને મુકિાસર તેમજ આંદોલનો પ્રેરી બહાર ગામ જવા ઉશ્કેર્યો. અને તેનું

પરિણામ તેજ આવ્યું કે તે બહાર ગામ ગયો. તે માણસનું ઠામ ઠેકાણું હું જાણતો ન હોવાથી ફક્ત તેડવનાર બાઇ પાસેથી તેનો ફોટો મેળવી તેના ઉપરજ મારાં આંદોલનો સચોટ બેસાડી તેને આવ્યા તરફ આકર્ષવાનું કાર્ય જૈન પત્રની ઓફીસમાં રહી મ્હેં કર્યું હતું.

બીજો દાખલો—એક ગ્રહસ્થ કેટલાક વખતથી એક બાઇ સાથે વિશુદ્ધપ્રેમમાં જોડાયો હતો. પાછળથી તે પ્રેમ ભાંગી પડ્યો તે જોડવાને માટે મને ત્યાં બોલાવવામાં આવ્યો. મ્હેં પ્રથમ તે ગ્રહસ્થને તે બાઇ પ્રત્યે પ્યાર ઉપજે તેવાં આંદોલનો પ્રેરણા મોકલ્યા પણ તેનું મગજ જડુજ મજબુત હોવાથી પેલી બાઇના મગજ તરફ આંદોલનો મોકલ્યાં તેનું પરિણામ એ આવ્યું કે તે બાઇનો તેના ઉપર પ્યાર થયો અને બન્ને [illegible] પડ્યાં.

ત્રીજો દાખલો—ધણી ધણીયાણીમાં દરરોજ કંઇ બબાર કંકાસ થતો હતો. જો કે વર ખાસે કમાઉ તેમજ બાહરી સારી આવકની હતી છતાં બે જણના સ્વભાવ ગરમ—નરમ નહિ પણ બન્નેના ગરમ હોવાથી સ્હેજ વાતમાં એક બીજા પર છેડાઇ પડતાં ને તેમાંથી બન્ને કેટલાંક વર્ષથી એક બીજાથી જુદાં પડ્યાં હતાં. આ કામ માટે સ્ત્રી તરફથી મને તેમના ગામ તેડવામાં આવ્યો. મ્હેં એક મહીના સુધી ત્યાં રહી એવાં આંદોલનો પ્રેર્યાં કે બન્ને જણ એક બીજા માટે દર્શનાતુર થઇ ગયાં અને છેવટે [illegible] જેવી સારી શુભ દીવસે પ્રેમપૂર્વક એકત્ર થયાં !

ચોથો દાખલો—રતનજી નામના એક ગ્રહસ્થને પ્રધાને મેળી

વિદ્યાનો જાદુ કરેલો એવા વ્હેમને લીધે તેઓ સદા તનમનથી દુઃખી રહેતા હતા. તેમણે ઘણાક બ્રાહ્મણો જોષીઓ ફકીરો અને ડાકટરોની મદદ લીધી તેમજ દેવ દેવીઓ અને પીર પેગંબરો તથા ઓલીયાઓની બાધા—માનતાઓ રાખી. તે ઉપરાંત કેટલાંએ દોરા તાવીજ અને કડાં પહેર્યાં છતાં આરામ થયો નહિ. ત્યારે છેવટે તેઓએ મારી મદદ માગી. મુંબઇ જવા આવવાના ગાડી ભાડાના તથા ખાવા ખરચના મળી રૂ. ૨૦) મનીઓડરથી મોકલી આપી મને ત્યાં તેડાવી રૂબરૂમાં દરેક હકીકત ખુલ્લા મનથી જણાવી. પછી મેં જે કાંઇ કરી આપ્યું તેનાથી તેઓ સુખી થયા અને સુળીનું વીઘ્ન સોયથી ટળી ગયું. આ ગ્રહસ્થે પાછળથી પણ મને સારૂં ઇનામ આપ્યું હતું.

પાંચમો દાખલો—એક વિધવા બાઇને પહેલાના ધણીના પેટની એક છોકરી હતી એટલે પોતાની અને બેનની છોકરીનું ભલું થાય એવી નેક આશાથી એ બાઇની ઇચ્છા પોતાના રંડાયેલા બનેવીની સાથે ફરી લગન કરવાની ઇચ્છા હતી છતાં બાઇ ગરીબ હોવાથી અને તેનો બનેવી તવંગર હોવાથી મોઢે હા હા કરીને હાથ તાળી આપતો હતો એટલા સારૂ મને તે બાઇ તરફથી ગાડી ભાડા સારૂ રૂ. ૨૦) મનીઓડરથી મોકલી આપી મુંબઇ તેડાવવામાં આવ્યો. તેથી હું મુંબઇ જઇ મારા હીંદુ મિત્રને ત્યાં ઉતર્યો અને પછી તે બાઇએ બતાવેલા ટાઇમે તેમના ઘેર જઇ મળ્યો. તેણીની સઘળી બીના જાણી તેના ભવિષ્યમાં કેમ બનશે તે સુચવનારૂં પવિત્ર ખુજરીઓનું તાવીજ આપ્યું જેના પ્રતાપે એકજ અઠવાડી—

હીપનોટીઝમ—જીવતા માણસને ઉંઘમાં નાંખી મ
સવાલો પુછવાની ઇલેક્ટ વિદ્યા પાંચ આનાની ટીકીટ મોકલો.

આમાં લગ્ન થઇ ગયાનું તથા સાસુ તરફથી આ
આવકાર આપવાનું ખુશનુમા સ્વપ્ન તે બાઇ ૦.

છઠ્ઠો દાખલો—માનેકજી કરીને એક જવાન છોકરા
આધાર ન હોવાથી તેણે મારી મદદ માગી મ્હેં તેને છેલ્લી ૫
માં પાસ કરાવ્યો તથા નોકરીએ વળગાડી કેટલીક ચમત્કારિ કીમત
શીખવી કે જેનાવડે તે પોતાનો સંસાર સુખરૂપ ચલાવવા લાગ્યો.

સાતમો દાખલો—મા બાપ વિનાની એક આબરૂદાર કુટુ
બની છોકરીને તેના ઓરમાન બાઇએ ત્રાસ ઉપજાવવા માંડ્યો ત્યારે
તે બીચારીએ એક બાઇ તરિકે બધી હકિકત મને લખી જણાવી
મદદ માગી મેં તેણીની આસપાસથી તપાસ કરી યથાશકિત મદદ
જ્યાં ત્યાંથી મેળવી આપી તથા તેણીની મરજી મુજબ સ્વતંત્ર
ગુજરાન ચલાવવાનું સાધન કરી આપ્યું.

આઠમો દાખલો—એક હિંદુ છોકરી પોતાની મરનાર
શોક્ય નડે છે ને તેથી પોતાને છોકરું થતું નથી એવી ધાસ્તી હતી
તેને મેં એક તાવીજ કરી આપ્યું. જેના પ્રતાપે તેણીની ધાસ્તી મટી
ગઇ તથા તેને એક છોકરી પણ તેજ વરસમાં થઇ કે જેથી તેણીની
વાંઝિયાપણાની બીક પણ જતી રહી.

નવમો દાખલો—એક ભાવસારની બાઇરીને આશરે ૪૦ વર્ષ
થયાં પણ કાંઇ છોકરું થયું નહોતું તેથી તેણીનો વર બીજી બાઇરી
કરવા તૈયાર થયો. ત્યારે તે બીચારી મારી પાસે આવી રડી પડી.
જેથી મેં તેને એક તાવીજ કરી આપ્યું. જેના પ્રતાપે તે બાઇને

ફ છોકરો ગયો.

. અગીયારમો—એક વદ્ધ નિરાધાર ગરીબ બાનુએ મારી . ત વખતે મારે બીજા આકડના કામ સારૂં મુંબઇ જવાનું ાથી તે બાઇ પાસેથી કાંઇ પણ બદલ લીધા વિના તેની ઇચ્છા પ્રમાણે મારાથી બનતી સગવડ કરી આપી અને તેને બહાર ગામ આબરૂદાર કુટુંબમાં નોકરીએ વળગાડી દીધી.

અગીઆરમો દાખલો— " " માં એક જુવાન પારસી બાનુ મારી મદદથી ચમત્કારીક બાજુ વિદ્યાનો અભ્યાસ કરે છે અને તેમાં તેને કેટલીક ફતેહ મળી છે. તેઓ પોતાનો અભ્યાસ આગળ વધારતાંજ જાય છે અને જરૂર વખતે મારી સલાહ પણ લે છે.

બારમો દાખલો—ગયા વર્ષે એક મા બાપ વિનાનો છોકરો રૂા. ૨૦૧) લઇને મારી પાસે આવ્યો અને એટલી રકમમાંજ મહીને ૪૦-૫૦ રૂપીઆ પેદા થઇ શકે એવી ધંધાની લાઇન સારૂ આજીજી કરવા લાગ્યો. હું તેને મુંબઇ લઇ ગયો અને એકાદ અઠવાડીયું ત્યાં રહી તેને તેવીજ લાઇનનો ધંધો શોધી આપ્યો. જેમાં તે મહેનતુ હોવાથી ફાવ્યો. અને પછી પોતાનો ધંધો વધારવા તે કલકત્તા તરફ ગયો.

હવે મારા મુરબ્બી વાંચન રાઓને નમ્રતાપુર્વક અરજ કરૂં છું કે ઉપલા દાખલા વાંચી મને દેવ કે ચમત્કારીક પુરૂષ તરીકે ગણવાની ભૂલ કરશો નહીં. હું પણ તમારા જેવો એક સાદો ગ્રહસ્થાશ્રમી માણસ છું વાસ્તે તમે પણ આ વિદ્યાનો કાળજી પુર્વક અભ્યાસ કરી

જાદુ કપ.—હાથ ચાલાકીના ખેલો કરતાં શીખવાની નાની જેવી ચોપડી પાંચ આનાની ટીકીટો મોકલી તાકીદે મંગાવો.

તેનો સારા રસ્તે ઉપયોગ કરવાથી બીજાઓને સુખી કરી શકશો.

કુદરતના કોપથી નીરાધાર થએલાં બાળકો તથા બાનુઓને ગુજરાનના સાધનમાં કે વિદ્યાભ્યાસમાં મારી મદદની જરૂર પડે તો કોઇ પણ શરમ રાખ્યા વિના એક કવરમાં વીગતવાર પોતાની હકીકત મહને લખી જણાવવી એટલે હું તે બાબત ખાનગી રાખી મારાથી બનતી મદદ કરીશ તથા બીજાઓ પાસેથી મદદ અપાવીશ. તેમજ હિંદુ પારસી કે મુસલમાન હોય તો પણ અમે કોઇ ધર્મથી જુદાઇ ગણતા નથી. વાસ્તે જેને લાભ લેવો હોય તેણે સુખેથી એક બાજુ તરીક મુકીને અમને લખવું.

મુંબઇ, પુના, સુરત, અમદાવાદ વીગેરે મોટાં શહેરોમાં અમારા [illegible] ત્યાં તેડાવનાર માણસને અમારા સાથે [illegible] ગોઠવણ કરવી પડતી નથી. કારણ કે અમારા [illegible] અમે [illegible] છીએ અને તેડાવનાર [illegible] કે અમારા [illegible] જ્યાં તેને મળવાની ઇચ્છા હોય ત્યાં [illegible] બંદોબસ્ત કરીએ છીએ.

સંદેશા મોકલવાની રીત.

હવે અમારા વિચારનો સંદેશો મોકલનારે તથા ગ્રહણ કરનારે શું શું કરવું તે અમે જણાવીએ છીએ. જે વખતે સંદેશો મો-કલવો હોય તે વખતે [illegible] સંદેશો લેનાર માણસમાં [illegible] જોડવી [illegible] સંદેશો મોકલવો જોઇએ.

જાદુ [illegible] બાબતોનો સારામાં સારો [illegible] મંગાવજો. કીં ૧ =

ઉપર જણાવ્યા મુજબ વીચારો ચોકસ, સ્થાઇ અને મજબુત રાખવા જોઇએ, લેનાર માણસે પોતાના મનને સંકલ્પ અને ક્રીયા રહિત કરવું, આ જેમ કોરી સ્લેટમાં અક્ષર શુદ્ધ લખાય છે તેમ શાંત મનમાં સામેથી આવતા શબ્દો યા વિચારોની ધુજારીઓ સમજ પડે તેવી ચોખ્ખી અસર કરે છે.

ક્રીયા કરવાનો સમય.

ક્રીયા કરવાનો સમય, ગમે તે વખતમાં હોય, તો પણ એકજ રાખવો જોઇએ. આજે જે સમય રાખ્યો હોય તે સમયજ આવતી કાલે રાખવો. પ્રાતઃકાળનો બ્રહ્મ મુહુર્તનો સમય, તેમજ રાત્રે ઉંઘતા પહેલાંનો સમય, જ્યારે સર્વ શાંત હોય અને મન પણ સ્થિર અને ઉદ્વેગ વગરનું હોય તે વખતે આ ક્રિયા કરવાથી બહુજ સહેલાઇથી તે થઇ શકે છે. જેમ મન વધારે શાંત, અને એકાગ્ર તેમ આ પ્રયોગની સિદ્ધી વધારે સહેલી એ નક્કી સમજવું.

મોકલનાર માણસે એક શાંત ઓરડામાં જઇ આરામ ખુરસી અથવા બીજા કોઇ સુખાસને બેસી વિચારની માનસિક છબી મનથી ખડી કરવી, અને પછી તે માણસને આપણે કાંઇ કહેતા હોઇએ તે પ્રમાણે આપણા વિચારનો સંદેશો જણાવવો, અને ગ્રહણ કરનારે પણ શાંત અને સંકલ્પ રહિત થઇ રહેવું, અને બહારથી જે શબ્દો સંભળાય અથવા મનમાં ઉત્પન્ન થાય તે નોંધી લેવા. આ સ્થિતિમાં શબ્દો સંભળાતાં જશે તેમ કોઇ કોઇ વેળાએ મનમાં તેના

શબ્દો ઉત્પન્ન પણ થતાં જશે માટે જેમ જેમ અભ્યાસ વધ જશે તેમ તેમ તે સંબંધી વધારે સારી સમજ પડતી જશે.


આ ક્રિયા જ્યારે સિદ્ધ થાય ત્યારે મોકલનાર માણુસે લેનાર થવું. અને લેનાર માણુસે વિચાર મોકલવાનો પ્રયોગ કરવો. આથી તે બન્નેનાં મન એક સુરવાળાં થઇ જશે. અને તેથી પછી લેનાર ધણી ગમે તેવા કામમાં ગુંથાએલો હશે તો પણ મોકલનાર માણુસે મોકલેલા વિચારો અને શબ્દોની ધ્રુજરીઓ તેને ઝટ અસર કરશે જેથી તે સંદેશો ઝટ ગ્રહણ કરી શકશે, કારણ કે મોકલનાર માણુસના વિચારની ધ્રુજરી લેનારના મગજના જ્ઞાનતંતુમાં વિજળી જેવા પ્રવાહનું ભાન કરાવે છે. સંદેશો આવતાં તારની સોય હાલેછે. તેમ જ્ઞાનતંતુમાં ભણુકારો થાય છે. આમ થતાંજ લેનાર ધણી મનને શાંત અને સંકલ્પ રહિત બનાવે છે અને સંદેશો સાંભળવા તત્કાળ તૈયાર થાય છે.

બીજી રીત.

પ્રથમ એક સારો સફેદ કાગળ લેઇ તે ઉપર જે સંદેશો મોકલવો હોય તે લખવો અને ટેબલ ઉપર દરેક શબ્દ દેખી શકાય તેમ મુકવો બાદ તમારી નજર આડી અવળી જાય નહી માટે બે ફીટ લાંબું અને ૪ ઇંચ ડાયામેટર વ્યાસવાળુ કાગળનું ગોળ ભુંગળુ બનાવી તેમાં સ્થિર દૃષ્ટિ કરી કાગળ ઉપર લખેલા સંદેશાના શબ્દો જોવા માંડો. જ્યારે અક્ષરો ઝાંખા ઝાંખા થઇ દેખાતા બંધ થવા માંડે ત્યારે ફરી આંખો હીલાવી તેને શુદ્ધ રીતે જોતા રહેજો. આ પ્રમાણે કરવાથી પણ તમે અજબ જેવા ચમત્કાર જોવા પામશો અને તમારા મનથી સંદેશા મોકલવાને સામર્થ્યવાન થશો.

દરેક બાબતની માફક વિચાર મોકલવાની બાબતમાં પણ નાના પગલાથી શરૂઆત કરવી જોઇએ. દાખલા તરીકે પ્રથમ એક શબ્દ મોકલશો. એક શબ્દ બરાબર સામો માણસ ગ્રહણ કરી શકે છે એમ જણાય પછી બે શબ્દો, પછી ધીમે ધીમે નાનું નાનું વાક્ય, અને પછી મોટું વાક્ય. આ રીતે ક્રમે ક્રમે વધતા જવું. આમ કરતાં કરતાં તમે એવી સ્થિતિ પ્રાપ્ત કરી શકશો જે જોઇને સૌને પણ આનંદ અને આશ્ચર્ય ઉત્પન્ન થશે; પરંતુ હીંમત અને આત્માની શક્તિમાં દૃઢ વિશ્વાસ કદાપી ખોતા નહિ.

આ વિદ્યાથી ધણી ધણીયાણીના કજીઆ મટાડી પ્રેમ વધારી શકાય છે. સગાં સ્નેહીઓ ને શેઠની મહેરબાની વધારી શકાય છે. વ્યાપાર ઉદ્યોગ અને અભ્યાસમાં ઉત્સાહ વધારી શકાય છે, ધારેલું કામ પાર પાડવા અમુક માણસનો પ્રેમ પ્રાપ્ત કરી શકાય છે અને કુસંપીઓ તથા ખરાબ સ્વભાવવાળાઓને પણ ઠેકાણે લાવી શકાય છે, માટે આવી વીદ્યા આ દેશના દરેક લોકો શીખે અને તેનાં મીઠાં ફળ ચાખે એવી શુભ આશાથી આ વિદ્યા પરોપકાર સારૂ પ્રગટ કરી છે. તેનો સૌ કોઇ લાભ લેઇ સુખી થાઓ. આમીન.



પ્રકાશક,

માસ્તર નાનાલાલ મગનલાલ.

રીચીરોડની સડકપર— અમદાવાદ.

પુસ્તકોનો અદલો બદલો.

નીચે જણાવેલા પુસ્તકોમાંથી તમારે જે પુસ્તક જોઇએ તેટલીજ કિંમતનું ગુજરાતી ભાષાનું વાંચવા લાયક સારૂં પુસ્તક અમને મોકલી આપશો તો પણ ચાલશે. પરંતુ જવાબ ટીકીટ સાથે પહેલાં અમને લખી જણાવવું કે અમારા આ પુસ્તકના બદલે તમારૂં ક્યાનું પુસ્તક જોઇએ છે તે આપ કે કેમ ? આવી માગણી કર્યાબાદ અમારા તરફથી "હા"નો જવાબ આવેથી તમારૂં પુસ્તક અમારા ખર્ચે અમને મોકલી આપવું. એટલે તે મળેથી આપણું પુસ્તક અમારા ખર્ચે તમને મોકલીશું. પ્રજામાં વાંચનનો શોખ વધારવા આરૂપ આ નવિન યોજના કરી છે ઇ.

જાદુ કળા પ્રકાશ...૧—૦—૦	જાદુ કપટનો ખેલ...૦—૪—૦
જાદુઇ દેવ વિદ્યા...૧—૦—૦	ઠગીબાજી ચરિત્ર...૦—૪—૦
હીંદી જાદુગર......૧—૦—૦	સામુદ્રિક વિદ્યા......૦—૪—૦
આનંદ રંગ........૧—૦—૦	રંગરૂ શાસ્ત્ર........૦—૪—૦
બાળી ભોળી વાતો...૧—૦—૦	યોગની કુચી........૦—૪—૦
કથા કલ્પવૃક્ષ સંપુટ.૧—૦—૦	મેસ્મરિઝમ........૦—૪—૦
મોહિનીરાજ નોવેલ.૦—૮—૦	હીપનોટીઝમ........૦—૪—૦
રમુજ પાનાનાખેલ,૦—૮—૦	બંગી જાદુગર......૦—૪—૦
રેવાલ જાદુગર ચરિત્ર૦—૮—૦	જાદુઇ જડી બુટી...૦—૪—૦
લલીતા નાટક મોટું...૦—૮—૦	જાદુ મંત્ર પ્રકાશ...૦—૪—૦

સૂચના—ઉપરની બુકો બદલે ના જોઇએ તો તેના પૈસા મનીઓર્ડર કે પોસ્ટની ટીકીટો મારફતે અગાઉથી મોકલવા.

માસ્તર. નાનાલાલ મગલાલ.

ઠેકાણું—[illegible]—અમદાવાદ.